સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અમર્યાદિત ઇન્ટરનેટની સુવિધા બાબત

ક્રમાંક : આઇ.ટી./Internet/NT/૨૦૨૧/ 1030-1051
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં- ૯, ડૉ .જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા.28/૧૦/૨૦૨૧

વંચાણે લીધાઃ-

1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક - સમશ-૧૦૨૦૨૦-ચા.બા.૦૪-ગ.૧, તા.૨૧.૦૬.૨૦૨૧
2. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક – સમશ-૧૦૨૦૨૦-ન.બા.૦૧-ગ.૧, તા.૨૩.૦૬.૨૦૨૧
3. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક - બમશ-૧૦૨૦-૧૩૩૪-ગ, તા.૦૩.૦૬.૨૦૨૧
4. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક – બમશ-૧૦૨૦-૧૩૫૮-ગ, તા.૧૦.૦૬.૨૦૨૧
5. અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ આઇ.ટી./Internet/૨૦૨૧/૯૪૭-૯૮૩, તા.૦૫.૧૦.૨૦૨૧

કચેરી આદેશઃ-

આમુખ (૧) થી (૪) દર્શિત ઠરાવથી રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત શાળાઓમાં અમર્યાદિત ઇન્ટરનેટ કનેકશન પુરા પાડવાની યોજનાની મંજૂરી મળેલ છે. આમુખ (૫) દર્શિત પત્રથી આ યોજના અંતર્ગત સરકારી અને બિનસરકારી અનુદાનિત શાળાઓને ઇન્ટરનેટ સેવા પૂરી પાડવા Bharat Sanchar Nigam Ltd. ને આપેલ આદેશ સમાપ્ત કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત સરકારી અને બિનસરકારી અનુદાનિત શાળાઓને જે – તે જિલ્લામાં સૌથી સારી ઇન્ટરનેટ સેવા પૂરી પાડતી એજન્સી મારફતે શાળા કક્ષાએ સેવાઓ મેળવવા તેની ગ્રાન્ટ જે – તે શાળાને ફાળવવાનું નિશ્ચિત કરવામાં આવેલ છે.

જિલ્લા દીઠ નીચે મુજબ સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને અમર્યાદિત ઇન્ટરનેટ કનેકશનની સુવિધા પૂરી પાડવા માટે નીચે દર્શાવેલ બાબતો / શરતો / નિયમો ધ્યાને લેવાના રહેશે.

1. આ યોજનામાં માત્ર સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો જ સમાવેશ કરવાનો રહેશે.
2. જો કોઇ કારણસર યાદીમાં / યોજનામાં સમાવિષ્ટ શાળા બંધ થાય / બંધ હોય અથવા યોજનામાં જોડાવા ન માંગતી હોય તો તેની જાણ શાળાની વિગતો સહ અત્રે કરવાની રહેશે તથા તેટલા પ્રમાણમાં ગ્રાન્ટ સરન્ડર કરવાની રહેશે.
3. આ યોજના અંતર્ગત શાળાઓમાં અમર્યાદિત (Unlimited) ઇન્ટરનેટ કનેક્શન ઇન્સ્ટોલ કરવા સહિત શાળા દીઠ માસિક મહત્તમ રૂ.૫૦૦/- (અંકે રુપિયા પાંચસો પુરા) એટલે કે વાર્ષિક રૂ.૬૦૦૦/- (અંકે રૂપિયા છ હજાર પુરા) ચુકવી શકાશે.

4. શાળા જે વિસ્તારમાં હોય તે વિસ્તારમાં જે ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડરની સર્વિસ સૌથી સારી હોય તેની પાસેથી મહત્તમ ખર્ચની મર્યાદામાં શાળાએ ઇન્ટરનેટ પ્લાન લેવાનો રહેશે.
5. આ યોજના અંતર્ગત માસિક મહત્તમ રૂ.૫૦૦/- (અંકે રુપિયા પાંચસો પુરા) માં ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર ધ્વારા શાળા સુધી ઇન્ટરનેટ કનેક્શન પહોચાડવાનો ખર્ચ, રાઉટરનો ખર્ચ તેમજ તેને કાર્યાન્વિત કરવા તેમજ GST સહિતનો ખર્ચ સામેલ છે.
6. આપના જિલ્લાની તમામ શાળાઓમાં ઈન્ટરનેટ સુવિધા પુરી પાડવાની પ્રક્રિયા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો / પરિપત્રો ધ્યાને લઇ કરવાની રહેશે.
7. શાળા ધ્વારા કોઈ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર પાસેથી ઈન્ટરનેટની સર્વિસ લીધા બાદ જો તેઓને ઈન્ટરનેટની સર્વિસ બાબતે ફરિયાદ હોય તો ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર બદલવા અંગેનો નિર્ણય લઇ શકાશે. તેમજ ઈન્ટરનેટ કનેક્શન સંદર્ભે થતી તમામ સમસ્યાનું નિરાકરણ શાળા દ્વારા જ કરવાનું રહેશે.
8. શાળાઓ ધ્વારા ઈન્ટરનેટ કનેક્ટિવિટી અંગેની લોગ બુક શાળામાં નિભાવવાની રહેશે જેમાં શાળામાં જે દિવસે ઈન્ટરનેટ કનેક્ટિવિટી ખોરવાય તે તારીખની નોધણી તેમજ કમ્પ્લેન નંબર સહીતની નોંધ કરવાની રહેશે.
9. જીલ્લા શિક્ષણધિકારીશ્રીની કચેરી ધ્વારા તેઓના જીલ્લાની શાળાઓના ઈન્ટરનેટ કનેક્શન બાબતે તમામ વિગત જીલ્લા શિક્ષણધિકારીશ્રીની કચેરી ખાતે નિભાવવાની રહેશે તેમજ શાળાઓને નિયમિત ગ્રાન્ટની ચુકવણી કરવાની રહેશે.
10. સદર બાબતનો ખર્ચ ઓડિટને આધિન રહેશે.
11. શાળાએ આ યોજના હેઠળ કનેકશન લિધેલ છે કે કેમ ? તેની ચકાસણી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા કરવાની રહેશે તથા તેના આધાર (જેવા કે બિલની નકલ) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે નિભાવવાના રહેશે.
12. શાળાઓ દ્વારા શકય એટલા વધુ સર્વિસ પ્રોવાઇડર પાસેથી ભાવપત્રક મેળવ્યા બાદ સર્વિસને ધ્યાને લઇ Technical અભ્યાસ કરી જે તે સર્વિસ પ્રોવાઇડરની સેવાઓ લઇ શકાશે.
13. શાળામાં અમર્યાદિત ઇન્ટરનેટ સુવિધા શાળાના શૈક્ષણિક અને વહિવટી કાર્યો માટે પુરુ પાડવામાં આવેલ છે. સદર કનેકશનનો ઉપયોગ વ્યવસાયિક કે અન્ય ખાનગી સંસ્થાના કે વ્યક્તિગત ઉપયોગ માટે ન થાય તેની તકેદારી જે – તે શાળાના આચાર્યશ્રીએ રાખવાની રહેશે અને આવી કોઇ બાબત ધ્યાને આવશે તો તે શાળા વિરુધ્ધ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.
14. આ યોજના માટે ત્રિમાસિક ગ્રાન્ટ ફાળવવામાં આવશે અને તેના ખર્ચની વિગતો આ શાખાને વખતોવખત મોકલી આપવાની રહેશે.
15. આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ જે – તે નાંણાકીય વર્ષમાં કરવાનો રહેશે અને યોજના સિવાય અન્ય હેતુ માટે કરી શકાશે નહી.
16. આ યોજના હેઠળ વણવપરાયેલ ગ્રાન્ટ નાણાંકીય વર્ષાન્તે સરન્ડર કરવાની રહેશે. તેથી યોજનાનો હેતુ સિધ્ધ થાય તે માટે જિલ્લા કક્ષાએથી શાળાઓને સમયસર ગ્રાન્ટ ફાળવણી કરવાની રહેશે.
17. સદર ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્ર શાળાઓ પાસેથી મેળવી જિલ્લા કક્ષાએ નિભાવવાના રહેશે.

18. જિલ્લા દીઠ નીચે મુજબ સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને અમર્યાદિત ઇન્ટરનેટ કનેકશનની સુવિધા પૂરી પાડવા શાળા દીઠ માસિક રૂા.૫૦૦/- લેખે ટેક્ષ સહિત માહે નવેમ્બર – ૨૦૨૧ થી માર્ચ – ૨૦૨૨ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

(Rs. in Lakh)

		No. of Schools	Budget Head	No. of Schools	Budget Head
Sr. No.	DISTRICT	Govt. Sec. & Higher Sec. School	009 : 2202 - 02 - 109 - 01	Grant-in-aid Sec. & Higher Sec. School	009 : 2202 - 02 - 110 - 01
1	AHMEDABAD Rural	2	0.05	347	8.68
2	AHMEDABAD City	46	1.15	255	6.38
3	AMRELI	47	1.18	131	3.28
4	ANAND	16	0.40	226	5.65
5	BHAVNAGAR	77	1.93	136	3.40
6	BOTAD	36	0.90	32	0.80
7	DEVBHOOMI DWARKA	39	0.98	46	1.15
8	GANDHINAGAR	12	0.30	195	4.88
9	GIR SOMNATH	33	0.83	89	2.23
10	JUNAGADH	22	0.55	232	5.80
11	KHEDA	20	0.50	262	6.55
12	MAHESANA	14	0.35	259	6.48
13	MORBI	34	0.85	76	1.90
14	PATAN	45	1.13	146	3.65
15	PORBANDAR	25	0.63	43	1.08
16	RAJKOT	44	1.10	252	6.30
17	VADODARA	21	0.53	229	5.73
	Total	**533**	**13.36**	**2956**	**73.94**

નોંધ પર માનનીય કમિશ્નરશ્રીની તા.૨૫/૧૦/૨૦૨૧ની મંજૂરી અન્વયે.....

નાયબ નિયામક (આંકડા)
કમિશનર શાળાઓની કચેરી,
ગાંધીનગર

બિડાણ - શાળાની યાદી

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અમદાવાદ (શહેર), અમદાવાદ (ગ્રામ્ય), અમરેલી, આણંદ,
ભાવનગર, બોટાદ, ગાંધીનગર, દેવભુમી દ્વારકા, ગીર સોમનાથ,
જુનાગઢ, ખેડા, મોરબી, મહેસાણા, પાટણ, પોરબંદર, રાજકોટ, વડોદરા

નકલ રવાના:-
- હિસાબી અધિકારી, હિસાબી શાખા – Online ગ્રાન્ટ ફાળવવા સારુ.
- હિસાબી અધિકારી, જિલ્લા તિજારી કચેરી, સંબધિત તમામ
- હિસાબી અધિકારી, હિસાબી શાખા (રીકન્સીલેશન)
- ઓડિટ અધિકારી, ઓડિટ શાખા (ઓડિટ સારૂ)
- હિસાબી અધિકારી, એ. જી. કચેરી, અમદાવાદ / રાજકોટ